સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# મહારાસ: જીવાત્મા અને પરમાત્માના દિવ્ય પ્રેમનું મિલન

વૃંદાવનની પવિત્ર ભૂમિ, શરદપૂર્ણિમાની ચાંદની રાત, યમુનાજીનો શાંત પ્રવાહ અને કદંબનાં વૃક્ષો વચ્ચે ગુંજતા શ્રીકૃષ્ણની વાંસળીના મધુર સૂર! આ દિવ્ય વાતાવરણમાં રચાયેલો મહારાસ માત્ર નૃત્યનો ઉત્સવ નથી પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના ભક્તો વચ્ચેના નિર્મળ પ્રેમનું અદ્વિતીય પ્રતીક છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દસમા સ્કંધમાં વર્ણવાયેલી આ લીલા ભક્તિપરંપરાનું એક અત્યંત પવિત્ર અને ભાવસભર પ્રકરણ છે.

**વાંસળીના સૂર અને ગોપીઓની આતુરતા**

શરદઋતુની એક મનોહર રાત્રિએ જ્યારે શ્રીકૃષ્ણે પોતાની વાંસળીના સૂર રેલાવ્યા ત્યારે એ દિવ્ય સંગીતે વ્રજની ગોપીઓનાં હૃદયમાં રહેલા કૃષ્ણપ્રેમને જાણે જાગૃત કરી દીધો. વાંસળીનો નાદ તેમના માટે માત્ર સંગીત નહોતો પરંતુ પોતાના પ્રિયતમ પરમેશ્વરનો પ્રેમભર્યો સંદેશ હતો. સાંસારિક મોહથી ઉપર ઊઠીને ગોપીઓ શ્રીકૃષ્ણના સાંનિધ્યમાં પહોંચી. તેમનો પ્રેમ કોઈ ભૌતિક અપેક્ષા કે સ્વાર્થથી પ્રેરિત નહોતો; તે તો સંપૂર્ણ સમર્પણ અને નિ:સ્વાર્થ ભક્તિની અભિવ્યક્તિ હતો.

**દરેક ગોપીની સાથે એક શ્રીકૃષ્ણ!**

મહારાસની સૌથી અદ્ભુત વિશેષતા એ છે કે શ્રીકૃષ્ણે પોતાની દિવ્ય શક્તિથી અનેક સ્વરૂપો ધારણ કર્યાં. દરેક ગોપીને એવું અનુભવાયું કે શ્રીકૃષ્ણ માત્ર તેની સાથે જ નૃત્ય કરી રહ્યા છે. અનંત હોવા છતાં ભગવાન પોતાના દરેક ભક્તની નજીક રહી શકે છે, દરેકના હૃદયની ભાવના સમજી શકે છે અને દરેકને પોતાનો પ્રેમ અનુભવાવી શકે છે–આ દિવ્ય સત્ય મહારાસ દ્વારા પ્રગટ થાય છે. રાસમંડળમાં ગોપીઓ અને શ્રીકૃષ્ણનું નૃત્ય જાણે સમગ્ર સૃષ્ટિનો લય બની ગયું. ઝાંઝરનો ઝણકાર, કંકણનો રણકાર, વાંસળીના સૂર અને પૂર્ણિમાની ચાંદનીએ આ દિવ્ય ઉત્સવને અલૌકિક સૌંદર્યથી ભરી દીધો.

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

**મહારાસનો આધ્યાત્મિક સંદેશ**

મહારાસને માત્ર સાંસારિક દૃષ્ટિકોણથી સમજવો એ તેની આધ્યાત્મિક ઊંડાઈને મર્યાદિત કરવા જેવું છે. વૈષ્ણવ ભક્તિપરંપરામાં મહારાસ જીવાત્માના પરમાત્મા પ્રત્યેના શુદ્ધ પ્રેમ અને સંપૂર્ણ શરણાગતિનું પ્રતીક



છે. ગોપીઓનો પ્રેમ આપણને શીખવે છે કે સાચી ભક્તિમાં અહંકાર, સ્વાર્થ અને બદલામાં કંઈક મેળવવાની અપેક્ષા માટે સ્થાન હોતું નથી.

શ્રીકૃષ્ણે મહારાસ દ્વારા ભક્તિનું એવું સ્વરૂપ પ્રગટ કર્યું, જેમાં પ્રેમ જ સાધના છે અને પ્રભુની પ્રસન્નતા જ સાધનાનું પરમ લક્ષ્ય છે. જ્યારે મનુષ્ય પોતાના અહંકારને છોડીને ભગવાનના ચરણોમાં મન અર્પણ કરે છે ત્યારે તેના જીવનમાં આંતરિક શાંતિ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ થાય છે.

**પ્રેમની પરાકાષ્ઠા, ભક્તિની પૂર્ણતા**

મહારાસનો મહિમા માત્ર તેની દિવ્ય લીલામાં જ નથી પરંતુ તેનાથી મળતા શાશ્વત સંદેશમાં પણ છે. શ્રીકૃષ્ણની વાંસળી આજે પણ ભક્તહૃદયને જાણે આમંત્રણ આપે છે કે જીવનની દોડધામ વચ્ચે થોડો

> **ભગવાન ક્યારેક ભક્તથી દૂર થતાં હોય એવું લાગે છે પરંતુ એ અંતર પણ ભક્તના પ્રેમને વધુ ગાઢ બનાવવા માટેની દિવ્ય લીલા હોઈ શકે છે, ગોપીઓનો વિરહ આપણને શીખવે છે કે સાચા પ્રેમમાં અધિકારભાવ નહીં પરંતુ સંપૂર્ણ સમર્પણ અને પ્રભુનાં ચરણોની નિરંતર ઝંખના હોવી જોઈએ**

સમય પ્રભુના સ્મરણ માટે ફાળવો, હરિનામનો આશ્રય લો અને નિ:સ્વાર્થ પ્રેમથી ભક્તિ કરો.

વૃંદાવનનો મહારાસ આપણને યાદ અપાવે છે કે પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ શુદ્ધ પ્રેમ, નિષ્ઠા અને શરણાગતિમાંથી પસાર થાય છે. જ્યાં હૃદયમાં કૃષ્ણપ્રેમ જાગે છે ત્યાં જીવન પણ ભક્તિના દિવ્ય રાસમાં રંગાઈ જાય છે.

**મહારાસમાં શ્રીકૃષ્ણનું અંતર્ધાન**

મહારાસની દિવ્ય લીલા દરમિયાન ગોપીઓના હૃદયમાં ધીમે ધીમે સૂક્ષ્મ અભિમાન જાગ્યું. દરેક ગોપીને લાગવા માંડ્યું કે શ્રીકૃષ્ણનો વિશેષ પ્રેમ માત્ર તેના પર જ છે. ગોપીઓના આ ભાવને જોઈને ભગવાન શ્રીકૃષ્ણ અચાનક રાસમંડળમાંથી અંતર્ધાન થઈ ગયા.

શ્રીકૃષ્ણના અંતર્ધાનથી ગોપીઓ વ્યાકુળ બની ગઈ. જે વાંસળીના મધુર સૂરથી તેમનાં હૃદય આનંદથી નાચી ઊઠતાં હતાં, એ જ હૃદય હવે વિરહની વેદનાથી વ્યથિત થઈ ગયાં. તેઓ વૃંદાવનનાં વૃક્ષો, લતાઓ અને વનરાજીને પૂછવા લાગી કે અમારા પ્રાણપ્રિય શ્યામ ક્યાં ગયા? તેઓ શ્રીકૃષ્ણની વિવિધ બાળલીલાઓનું સ્મરણ કરીને તેમના જેવી લીલાઓ કરવા લાગી. દરેક ક્ષણે તેમને પોતાના પ્રિયતમની ઝંખના સતાવતી હતી.

ગોપીઓનો આ વિરહ માત્ર વિયોગનું દુ:ખ નહોતો પરંતુ ભગવાન પ્રત્યેના નિ:સ્વાર્થ પ્રેમની પરાકાષ્ઠા હતો. શ્રીકૃષ્ણનું અંતર્ધાન તેમને સમજાવવા માટે હતું કે ભક્તિમાં પ્રેમ હોવો જોઈએ, પરંતુ પોતાના પ્રેમનું અભિમાન ન હોવું જોઈએ.

ભગવાન ક્યારેક ભક્તથી દૂર થતાં હોય એવું લાગે છે પરંતુ એ અંતર પણ ભક્તના પ્રેમને વધુ ગાઢ બનાવવા માટેની દિવ્ય લીલા હોઈ શકે છે. ગોપીઓનો વિરહ આપણને શીખવે છે કે સાચા પ્રેમમાં અધિકારભાવ નહીં પરંતુ સંપૂર્ણ સમર્પણ અને પ્રભુનાં ચરણોની નિરંતર ઝંખના હોવી જોઈએ.

---

# કલમ



મયુરાક્ષી નદીના કાંઠે, દૂધાની નામના ગામના છેડે, પશ્ચિમ બંગાળના પૂર્વ ભાગમાં, અટ્ટહાસા નામે બાઉલ રહે છે. નામ પ્રમાણે તેના ગુણ સદા રમૂજ કરતા રહે. પરંતુ તે હાસ્યની વચ્ચે સૂક્ષ્મ એવા બાઉલ તત્ત્વની લહાણી ચાલતી હોય.

અમે તેના આશ્રમે બેઠા હતા ત્યારે તે કોઈ ઉદ્યમમાં હોય તેવું લાગ્યું.

અમે કહ્યું, 'બાઉલ! શું કરો છો?'

તે બોલ્યો, 'મારા ચેલા અબધૂની આગ પ્રજ્વલિત કરવાની ફૂંકણી તૂટી ગઈ. તેથી નવી બનાવું છું. અગ્નિ પ્રજ્વલિત કરવા માટેનું યંત્ર બનાવું છું, તેથી થોડો ગરમ માહોલ રહેશે! મારી સાવ સામે ન બેસતા.' એમ કહી તે હસવા લાગ્યો.

પછી બોલ્યો, 'સતીશ બાબુ! અમે બાઉલ અપોથીયા, પોથી વગરના કહેવાઈએ ખરા, પણ અકલમ (કલમ વગરના) નથી કહેવાતા, તે તમે જોયું!'

હું મૂંગો રહ્યો. તો તરત તે બોલ્યો, '...કારણ કે અમારી પાસે કલમ તો હોય જ છે!'

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

હવે મેં પૂછ્યું, 'શું વાત કરે છે! લખતાં ન આવડે તેને કલમ શું કામની?'

તે બોલ્યો, 'તમારી લેખિની-કલમથી જેમ સર્જન થાય છે, તેવી જ કલમ ઝાડ પર બીજા ઝાડની ડાળના આરોપણ માટે થાય છે ને? કલમ એ આરોપિત થતી ડાળને કાપવાના આકારને લીધે અપાતું નામ છે! તે ડાળ તમારી લેખિની જેવી, થોડી ત્રાંસી કપાયેલી હોય છે! અમને આ રીતે ડાળખીની કલમ કરતાં બહુ આવડે!'

> **તમારી લેખિની-કલમથી જેમ સર્જન થાય છે, તેવી જ કલમ ઝાડ પર બીજા ઝાડની ડાળના આરોપણ માટે થાય છે ને? કલમ એ આરોપિત થતી ડાળને કાપવાના આકારને લીધે અપાતું નામ છે! તે ડાળ તમારી લેખિની જેવી, થોડી ત્રાંસી કપાયેલી હોય છે! અમને આ રીતે ડાળખીની કલમ કરતાં બહુ આવડે!**

એમ કહી, તેણે ડાળીને ત્રાંસી કાપી તથા બોલપૉઈન્ટ પેનની જેમ હાથમાં પકડી બતાવી. પછી બોલ્યો, 'બીજી પણ એક કલમ છે, ખબર છે?'

મેં કહ્યું, 'ના.'

તે બોલ્યો, 'આ આગ ફૂંકવાની ફૂંકણી પણ કલમની જેમ ત્રાંસી કાપવામાં આવે છે. ઊભા રહો, બતાવું.'

તેમ કહી તેણે પોલા વાંસનો છેડો ત્રાંસો કાપ્યો અને કહ્યું, 'ચાલ, તને કંઈક બતાવું.'

તે મને અગ્નિના ચૂલાની બાજુમાં લઈ ગયો અને બોલ્યો, 'ફૂંકણીનો ત્રાંસો ભાગ જમીન તરફ રાખીને ફૂંક મારો તો રાખના ગોટા ઊડે અને તે જ ત્રાંસો ભાગ આકાશ તરફ રાખીને ફૂંક મારો તો અગ્નિ પ્રદીપ્ત થાય.'

પછી હસતાં-હસતાં બોલ્યો, 'તમે બધા કલમ પકડો છો તે કઈ રીતે પકડો છો, તે જોઈ લેજો! તમારી કલમનો ત્રાંસો ભાગ જમીન તરફ રાખેલો હોય છે, તેથી જ તમારી પોથીમાં રાખ અને ધુમાડાના ગોટા ઊડે છે! નહિતર તો ઝળહળ અગ્નિ પ્રગટ ન થાય!'

હું તો શાંત હતો, પણ ખરેખર પોથીપંડિતોને આગ લાગી જાય તેવું અટ્ટહાસ્ય બાઉલે કર્યું.